વાલિયામાં જમીન ખેડવાના વિવાદમાં ઝપાઝપી, પોલીસ ટીમ પર પથ્થરમારો

સિંગલવાણમાં જમીન લેવલિંગના કામ બાબતે જમીનમાલિક અને 150થી વધુ ગ્રામજનો સામસામે

જમીનમાલિકની ગાડી પર પથ્થરમારો કર્યો અને મોબાઈલ છીનવી લીધો

કાયદેસર કાર્યવાહી કરાશે: પીઆઈ ચૌધરી

આ મામલે વાલિયાના PI આર.બી.ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે હાલ અરજીના સંદર્ભે તપાસ કરી રહ્યા છીએ. સીસીટીવી કેમેરાનાં ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે નામજોગ ફરિયાદમાં જે નામો છે તેની ધરપકડ કરી તપાસ કર્યા બાદ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

ભરૂચ: વાલિયાના સિંગલવાણ ગામે જમીન ખેડવાના મામલે જમીનમાલિક અને ગ્રામજનો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી. આ ઘટનાની જાણ થતાં ઘટના સ્થળે પહોંચેલી પોલીસ ટીમ ઉપર પણ હુમલો કરવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી.

સિંગલવાણ ગામમાં જમીનમાલિક પ્રફુલ ભગવાનભાઈ કાથરોટીયા તેમની જમીનમાં લેવલિંગનું કામ કરાવી રહ્યા હતા. સાંજના સમયે કામ પતાવી તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે પ્રાથમિક શાળા નજીક આશરે 150 જેટલા પુરુષો અને સ્ત્રીઓના ટોળાએ તેમને અટકાવ્યા હતા. ટોળાએ આક્ષેપ કર્યો હતો કે, આ જમીન ગામની છે. ગામના આગેવાનોને પૂછ્યા વિના તમે લેવલિંગ શા માટે કરો છો? જો કે, પ્રફુલ કાથરોટીયાએ જણાવ્યું હતું કે, આ જમીન ભારતીબેન રાજેશ ગજેરાની માલિકીની છે, જે તેમના સગાં થાય છે અને તેમની પાસે જમીનના સંપૂર્ણ દસ્તાવેજ છે. વાતચીત વધુ વણસતાં ટોળાએ ગાળાગાળી અને ઝપાઝપી કરી હતી. આક્ષેપ મુજબ ટોળાએ પ્રફુલ કાથરોટીયાની કાર પર પથ્થરમારો કરી ગાડીના કાચ તોડી નાંખ્યા હતા. તેમના મિત્ર હસમુખ સવજીનો મોબાઇલ ટોળામાંથી કોઈએ છીનવી લીધો હતો અને તેમની ગાડીને પણ નુકસાન પહોંચાડ્યું હતું. પ્રફુલ કાથરોટીયા કોઈક રીતે પથ્થરમારાથી બચીને ભાગી છૂટ્યા હતા અને ત્યારબાદ વાલિયા પોલીસ મથકને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં વાલિયા પોલીસ મથકનો સ્ટાફ બે સરકારી ગાડી અને ચાર ખાનગી વાહનોમાં ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસ ટીમને જોઈને ટોળાએ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પોલીસ પર પણ પથ્થરમારો કર્યો હતો. આ પથ્થરમારામાં 4 પોલીસ જવાનને નાની-મોટી ઇજા પહોંચી હતી. તદુપરાંત જમીનમાલિકની ગાડી, પોલીસની સરકારી ગાડી સહિત અન્ય ચારેય ખાનગી વાહનોને પણ નુકસાન પહોંચ્યું હતું.

આ બનાવ અંગે વાલિયા પોલીસે જમીનમાલિક પ્રફુલ કાથરોટીયાની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે. જો કે, હજુ સુધી કાયદેસર કાર્યવાહી ન થતાં ખેડૂત ઉપર જોખમ ઊભું થયું હોવાનું જણાવાયું છે. આગામી ખેતી ખેડવા માટે ખેડૂતે ભરૂચ જિલ્લા પોલીસ વડાને લેખિતમાં સંરક્ષણ આપવા અરજી કરી છે અને સંરક્ષણ માટે થતો ખર્ચ પણ ભરવા પોતે તૈયાર હોવાનું જણાવ્યું છે.

ચાર મામલતદારોની બઢતી સાથે બદલી કરાઈ

સુરત જિલ્લાના અધિકારીઓને મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સોંપાઈ: ડે.કલેક્ટર અને DSO નવા નિમાયા

સુરત: રાજ્ય સરકાર દ્વારા આજરોજ રાજ્યભરના મામલતદારોની બઢતી સાથે બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. રાજ્યમાં કુલ ૨૭ મામલતદારોને બઢતી આપવામાં આવી છે, જેમાં સુરત જિલ્લાના ચાર મામલતદારોનો પણ સમાવેશ થાય છે. બઢતી સાથે થયેલી આ બદલીમાં સુરત જિલ્લાના અધિકારીઓને ડેપ્યુટી કલેક્ટર તથા ડિસ્ટ્રિક્ટ સપ્લાય ઓફિસર જેવી મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, કતારગામ મામલતદાર ડી.વી. ગામીતને પ્રમોશન આપી સુરતમાં જ રિજનલ કમિશનર ઓફ મ્યુન્સિપાલિટીના ડેપ્યુટી કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. સુરત શહેરમાં તેમની કામગીરીને ધ્યાનમાં રાખી તેમને વધુ મહત્વપૂર્ણ વહીવટી જવાબદારી સોંપવામાં આવી હોવાનું મનાઈ રહ્યું છે. ઉધના મામલતદાર એલ.આર. ચૌધરીની બદલી ડાંગ જિલ્લામાં કરવામાં આવી છે. તેમને ડાંગ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ સપ્લાય ઓફિસર (ડીએસઓ) તરીકે મુકવામાં આવ્યા છે. આ સાથે જાહેર વિતરણ પ્રણાલી અને પુરવઠા વિભાગની જવાબદારી તેઓ સંભાળશે. અડાજણ મામલતદાર મનિષ પટેલને બઢતી સાથે રાજપીપળા ખાતે ડેપ્યુટી કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે માંગરોળ મામલતદાર એચ.વી. ચાવડાની વેરાવળ-ગીરસોમનાથ ખાતે ડેપ્યુટી કલેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે. રાજ્ય સરકારના આ વહીવટી ફેરફારોને આગામી સમયમાં જિલ્લા વહીવટમાં વધુ કાર્યક્ષમતા લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યા છે. બઢતી મેળવનાર અધિકારીઓને નવી જવાબદારીઓ મળતા વહીવટી તંત્રમાં પણ હલચલ જોવા મળી રહી છે.

બોર્ડની માર્કશીટ વિતરણ શરૂ શનિવારે વિદ્યાર્થીઓને મળશે

પરિણામ જાહેર થયાના ૨૪ દિવસ બાદ જિલ્લા કક્ષાએ માર્કશીટ મોકલાઈ, શાળાઓ મારફતે થશે વિતરણ

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ જાહેર થયાને ૨૪ દિવસ વીતી ગયા બાદ આખરે વિદ્યાર્થીઓની ઓરિજિનલ માર્કશીટ જિલ્લાકક્ષાએ મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. બોર્ડની વિલંબિત કામગીરીને કારણે અત્યાર સુધી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો હતો.

સામાન્ય રીતે પરિણામ જાહેર થયાના બે-ત્રણ દિવસમાં જ જિલ્લાઓમાં માર્કશીટ પહોંચાડી દેવામાં આવતી હોય છે, પરંતુ આ વર્ષે લાંબા વિલંબને કારણે કોલેજ પ્રવેશ સહિતની અનેક પ્રક્રિયાઓમાં વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

હવે શુક્રવારે રાજ્યના તમામ જિલ્લાઓની DEO કચેરીઓ ખાતે માર્કશીટનો જથ્થો પહોંચાડવામાં આવશે. જિલ્લા કક્ષાએ માર્કશીટ મળ્યા બાદ તાત્કાલિક તાલુકા અને ઝોન મુજબ તેની છટણી કરવાની કામગીરી હાથ ધરાશે. સુરત શહેર અને જિલ્લાની શાળાઓના પ્રતિનિધિઓને શનિવારે બોલાવી માર્કશીટનું વિતરણ કરવામાં આવશે. ત્યારબાદ વિદ્યાર્થીઓને તેમની શાળાઓ મારફતે ઓરિજિનલ માર્કશીટ મળી રહેશે.

બોર્ડના મોડા વિતરણને લઈને વાલીઓ અને વિદ્યાર્થીઓમાં અગાઉથી જ નારાજગી જોવા મળી રહી હતી. ખાસ કરીને પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ હોવા છતાં માર્કશીટ ન મળતા વિદ્યાર્થીઓને દસ્તાવેજી પ્રક્રિયામાં મુશ્કેલી પડી રહી હતી.

ઇતરડી નાબૂદ કરવા ગીરના સિંહોનું ડિ-ટિકિંગ શરૂ કરાયું

PMO સિંહોનાં મોતની ઘટના બાદ સીધી નજર રાખી રહ્યું છે

ગાંધીનગર : ગીર સેન્ચુરીની બહારના વિસ્તારોમાં સિંહોના ચાર મોતના અહેવાલો સામે આવ્યા બાદ વન વિભાગ તાત્કાલિક હરકતમાં આવી ગયું છે. આજે સાંજે રાજયના વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર (ગઢડા) અને અમરેલી જિલ્લાના બાબરા તેમજ આસપાસના ૧૦ કિલોમીટરના વિસ્તારમાં સિંહોના મોતના સમાચાર મળતા જ વન વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી છે.

સિંહોના મોતના સાચા કારણો જાણી શકાય તે માટે મૃત્યુ પામેલા સિંહોના સેમ્પલ લઈને ગાંધીનગર ખાતે આવેલી ગુજરાત બાયોટેકનોલોજીકલ રિસર્ચ સેન્ટર (GBRC) માં પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ જ સિંહોના મોતના ચોક્કસ અને સાચા કારણો જાણી શકાશે. આ ગંભીર બાબત પર પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) તરફથી પણ સતત માર્ગદર્શન મળી રહ્યું છે.

આ ઉપરાંત, ગઈકાલે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉચ્ચ અધિકારીઓની એક તાકીદની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં તેમણે સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી જરૂરી સૂચનો આપ્યા છે. તેમ મોઢવાડિયાએ કહ્યું હતું.

સિંહોને આઇસોલેશનમાં મુકાયા

વન મંત્રીએ કહ્યું હતું કે 'ઇતરડી' (Ticks) નામની જીવાતથી ફેલાતા 'બેબેસિયા' (Babesia) વાયરસનું સંક્રમણ અન્ય સિંહોમાં ન ફેલાય તે માટે અસરગ્રસ્ત ૧૦ કિલોમીટરના વિસ્તારમાં રહેલા સિંહોને આઇસોલેટ (અલગ) કરી દેવામાં આવ્યા છે. જૂનાગઢ વેટરનરી કોલેજના તબીબો, વન વિભાગનો ફ્રન્ટલાઈન સ્ટાફ અને વરિષ્ઠ અધિકારીઓ સંયુક્ત રીતે સ્થિતિ પર કાબૂ મેળવવા પ્રયત્નશીલ છે. ઉનાળાની ઋતુમાં સિંહોની રોગપ્રતિકારક શક્તિ નબળી ન પડે તે માટે પણ ખાસ તબીબી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વન વિભાગ અને સ્થાનિક તંત્રના સહયોગથી ટૂંક સમયમાં આ સંકટમાંથી બહાર આવી જવાશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

સંભવિત 'બેબેસિયા' વાયરસ સામે પગલાં

વનમંત્રીએ કહ્યું હતું કે, પ્રાથમિક લક્ષણોને આધારે જરૂરી તમામ ટ્રીટમેન્ટ અને અગમચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. સામાન્ય રીતે પશુઓમાં જોવા મળતી 'ઇતરડી' (Ticks) નામની જીવાતથી ફેલાતા 'બેબેસિયા' (Babesia) વાયરસને કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાની સંભાવના છે. આથી વન વિભાગ દ્વારા ગીર સેન્ચુરી અને તેની બહારના પ્રદેશોમાં ઇતરડી નાબૂદ કરવા માટે 'ડી-ટિકિંગ' (De-ticking) ની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

ચાર સિંહ બાળનાં મોત, 17 સિંહને આઈસોલેટ કરાયા

વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ ડો. વિનોદ રાવે બેઠકમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ચાર સિંહ બાળના મૃત્યુ જુદા જુદા વિસ્તારોમાં થયા છે. અસરગ્રસ્ત વિસ્તારોના કુલ 17 જેટલા સિંહોને આઇસોલેટ કરીને તેમની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગીર ગઢડા અને બાબરીયા વિસ્તારના 10 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા તમામ સિંહોનું સઘન મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. હાલ સુધી અન્ય કોઈ ગંભીર બીમારીના લક્ષણો નોંધાયા નથી.

ગુજરાતની વધુ 5 મનપામાં નવા મેયર સહિત હોદ્દેદારોની વરણી

ગાંધીનગર : ગુજરાતની વિવિધ મહાનગરપાલિકાઓમાં નવા હોદ્દેદારોની વરણીની પ્રક્રિયા શરૂ થતાં અનેક શહેરોને નવા મેયર અને પદાધિકારીઓ મળ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો બાદ લગભગ એક મહિનાના ઈન્તઝાર પછી ભાજપ દ્વારા વિવિધ મહાનગરપાલિકાઓમાં નવા હોદ્દેદારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જ્ઞાતિ સમીકરણો અને વહીવટી કુશળતાને ધ્યાનમાં રાખીને આ નિમણૂંકો કરવામાં આવી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

મનપા	મેયર	ડે.મેયર	સ્ટેન્ડિંગ ચેરમેન	શાશક પક્ષના નેતા	દંડક
વડોદરા	ગીતા મકવાણા	આદિત્ય પટેલ	વર્ષા વ્યાસ	શ્વેતા માછી	વિજય ચૌહાણ
રાજકોટ	ડો. નેહલ શુક્લ	દક્ષા વસાણી	પરેશ પીપળીયા	હિરેન કે. ખીમાણીયા	સંજયસિંહ રાણા
સુરેન્દ્રનગર	રાકેશ રાઠોડ	સ્મિતા રાવલ	નિખિલ ચાપાનેરી	પીન્ટુ અસાણિયા	સ્વાતિ માંડલિયા
આણંદ	દીપિકા પટેલ	કમલેશ ડાભી	મયુર સુથાર	---	---
ભાવનગર	ઉષા તલરેજા	અશોક બારૈયા	કિશન મહેતા	લાલભા વાળા	રિકુ માંગુકિયા

VNSGUમાં વિદ્યાર્થીઓને મળશે મફત કોર્પોરેટ ટ્રેનિંગ

યુનિવર્સિટી કેમ્પસમાં જ શરૂ થશે ઇન્ડસ્ટ્રી આધારિત સ્કિલ ડેવલપમેન્ટ મોડલ, ટ્રેનિંગ બાદ પ્લેસમેન્ટ સહાય પણ મળશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માં પહેલીવાર સંપૂર્ણ કોર્પોરેટ મોડલ આધારિત સ્કિલ ટ્રેનિંગ સિસ્ટમ ઊભી થવા જઈ રહી છે. યુનિવર્સિટી અને ટાટા STRIVE વચ્ચેના મેગા પ્રોજેક્ટને બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂરી આપવામાં આવતા હવે કેમ્પસમાં જ હાઈટેક સ્કિલ સેન્ટર શરૂ કરવામાં આવશે. ખાસ વાત એ છે કે વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા અભ્યાસક્રમો અને ટ્રેનિંગ માટે કોઈપણ પ્રકારની ફી ચૂકવવી નહીં પડે.

ટાટા STRIVE દ્વારા CSR પ્રવૃત્તિ અંતર્ગત ગત જુલાઈમાં યુનિવર્સિટી સમક્ષ પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. કેમ્પસની ખાલી જગ્યાનો ઉપયોગ કરીને ટ્રેનિંગ સેન્ટર ઊભું કરવામાં આવશે, જ્યાં આધુનિક કોર્પોરેટ માહોલ મુજબ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે. ટ્રેનિંગ માટે યુનિવર્સિટીના ૪થી ૬ રૂમોનો ઉપયોગ કરવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ CSR ફંડથી સંચાલિત હોવાથી યુનિવર્સિટી પર કોઈ આર્થિક ભારણ આવશે નહીં. વીજળી, પાણી, હાઉસકિપિંગ સહિતના તમામ ખર્ચ ટાટા STRIVE જ વહન કરશે. સાથે જ ઉમેદવારોની પસંદગીથી લઈને ટ્રેનિંગ મટીરિયલ તૈયાર કરવું, નિષ્ણાત ટ્રેનર્સની નિમણૂક કરવી અને ટ્રેનિંગ પૂર્ણ થયા બાદ પ્લેસમેન્ટ સહાય પૂરી પાડવાની જવાબદારી પણ કંપની સંભાળશે. યુનિવર્સિટી વર્તુળોના જણાવ્યા અનુસાર ભવિષ્યમાં માર્કેટની જરૂરિયાત પ્રમાણે નવા રોજગારલક્ષી કોર્સ પણ ઉમેરવામાં આવશે. જેના કારણે વિદ્યાર્થીઓને ડિગ્રી સાથે સીધી રોજગારી માટે જરૂરી સ્કિલ્સ પણ મળી શકશે.

નશાકારક ગોળીની સપ્લાયર લિંબાયતની આફરીન સૈયદ ઝડપાઈ

સુરત:લિંબાયત પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS (નાર્કોટિક્સ) ના ગુનામાં પ્રતિબંધિત નશાકારક ગોળીઓ વેચવા માટે સપ્લાય કરનાર સૂત્રધાર મહિલા આરોપીને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી છે. લિંબાયત પોલીસ સ્ટેશનમાં અગાઉ ગેરકાયદેસર નશાકારક ટેબ્લેટ્સનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પોલીસ દ્વારા પ્રતિબંધિત કેફી ગોળીઓ અલ્પ્રાઝેપ (ALPRAZEP 0.5) ના ૨૦ નંગ તથા અલ્પ્રાસ્કેન (ALPRASCEN-0.5) ના ૫૦ નંગ મળી કુલ ૭૦ નંગ નશાકારક ગોળીઓ, જેની અંદાજિત કિંમત રૂપિયા ૩૫૦૦થાય છે, તે જપ્ત કરવામાં આવી હતી. જેની તપાસમાં બહાર આવ્યું હતું કે, આ ગોળીઓન આફરીનબી વસીમ સૈયદ (ઉ.વ. ૩૨, રહેવાસી- આઝાદ ચોક, નુરાની મસ્જીદ પાસે, મીઠીખાડી, લિંબાયત, સુરત) દ્વારા સપ્લાય કરવામાં આવી હતી. તેને પોલીસે ઝડપી લીધી છે.

કીમ રેલવે સ્ટેશન ઉપર ઈન્ટિગ્રેટેડ પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ કાર્યરત

ડિજિટલ ડિસ્પ્લે, કોચ ગાઇડન્સ અને ઓટોમેટેડ એનાઉન્સમેન્ટ સુવિધાનો મુસાફરોને લાભ મળશે

સુરત : લાંબા અંતરના પ્રવાસીઓ માટે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા સુવિધામાં વધારો કરતો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે પ્રશાસન દ્વારા કીમ સ્ટેશન પર આગામી સમયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને 26 મે 2026 થી અત્યાધુનિક 'ઇન્ટિગ્રેટેડ પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ' કાર્યરત કરી દેવામાં આવી છે.

આ નવી ટેકનોલોજી અંતર્ગત કીમ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 અને પ્લેટફોર્મ નંબર 2 પર હાઈટેક કોચ ગાઇડન્સ ડિસ્પ્લે બોર્ડ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ આધુનિક સિસ્ટમના કારણે કોઈ પણ ટ્રેન પ્લેટફોર્મ પર આવીને ઊભી રહે તે પહેલાં જ મુસાફરોને ડિજિટલ સ્ક્રીન પર જાણી શકાશે કે તેમનો ચોક્કસ કોચ કે ડબ્બો પ્લેટફોર્મના કયા ભાગમાં આવીને રોકાશે. આ ઉપરાંત બંને પ્લેટફોર્મ પર માનવરહિત એવી આધુનિક ઓટોમેટેડ એનાઉન્સમેન્ટ સિસ્ટમ પણ શરૂ કરી દેવાઈ છે, જે ટ્રેનોના આગમન, પ્રસ્થાન, સંભવિત વિલંબ કે પ્લેટફોર્મ બદલાવા જેવી તમામ કટોકટીની અને મહત્વપૂર્ણ સૂચનાઓ આપમેળે જ સતત પ્રસારિત કરતી રહેશે.

મુસાફરોની વધુ અનુકૂળતા માટે સ્ટેશનના મુખ્ય બુકિંગ કાર્યાલય એટલે કે ટિકિટ બારીની નજીક પણ ટ્રેનોના આવાગમનની વિગતો દર્શાવતી એક મોટી ડિજિટલ ડિસ્પ્લે સ્ક્રીન ગોઠવવામાં આવી છે, જેના પર સ્ટેશને આવનારી તમામ ટ્રેનોનું લાઈવ સ્ટેટસ જોઈ શકાશે.

આ સમગ્ર અત્યાધુનિક ઈન્ફોર્મેશન સિસ્ટમને રેલવેના સેન્ટ્રલ સર્વર એટલે કે નેશનલ ટ્રેન ઈન્કવાયરી સિસ્ટમ સાથે સીધી લિંક કરવામાં આવી હોવાથી મુસાફરોને ટ્રેનના લોકેશનની 100 ટકા સાચી અને રિયલ ટાઈમ માહિતી ઉપલબ્ધ થશે.

કછોલી ખાતે પ્રથમવાર 'સ્કિઝોફ્રેનિઆ સ્વજન સન્માન સમારંભ' યોજાયો

કછોલીઃ વિશ્વ સ્કિઝોફ્રેનિયા દિવસ નિમિત્તે ગાંધીઘર કછોલી ખાતે ગણદેવી તાલુકા માનસિક આરોગ્ય કાર્યક્રમ અને રોટરી ક્લબ ગણદેવીના સંયુક્ત ઉપક્રમે પ્રથમ વાર 'સ્કિઝોફ્રેનિઆ સ્વજન સન્માન સમારંભ' યોજાયો હતો. સ્કિઝોફ્રેનિયાથી પીડાતા દર્દીઓની વર્ષો સુધી નિસ્વાર્થ સેવા કરનાર લગભગ 70 સ્વજનોનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ રાષ્ટ્રીય રક્ષા યુનિ.ના આજીવન પ્રોફેસર ડો. એસ. એલ. વાયા ઉપસ્થિત રહ્યા હતા. ગણદેવી તાલુકા માનસિક આરોગ્ય કાર્યક્રમના પ્રોજેક્ટ સાયકિએટ્રિસ્ટ ડો. જીતેન્દ્ર નાનાવાલાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. રોટરી ડિસ્ટ્રિક્ટ 3060 ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર ઈલેક્ટ 2026-27 નિલેશભાઈ શાહ, રોટરી ક્લબ ગણદેવીના પ્રમુખ શૈલેષ વશી, ઉદ્યોગપતિ અને લાયન્સ ક્લબના ભૂતપૂર્વ પ્રમુખ ઓમપ્રકાશ અગ્રવાલ તથા ગાંધીઘર કછોલીના ટ્રસ્ટી જીતેન્દ્ર નાયક વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીઘર કછોલીના ટ્રસ્ટી જીતેન્દ્ર નાયક સહિત ટ્રસ્ટીઓએ કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના અંતે ડો. ગો. સાર્વજનિક દવાખાનામાં કાર્યરત ડો. રાહુલ પટેલે આભારવિધિ કરી હતી.

અનુસંધાન... પાના છેલ્લાનું

હાઈવોલ્ટેજ ડ્રામા:...

ભાજપ મોવડી મંડળ દ્વારા જાહેરાત કરી દેવામાં આવી હતી પરંતુ સુરતના નામો જાહેર નહીં થતા કોર્પોરેટરોની ઉત્કંઠા ચરમસીમાએ પહોંચી હતી. સામાન્ય સભાનો 11 વાગ્યાનો સમય પણ થઈ જતાં તમામ નગરસેવકોને સભાગૃહમાં મોકલી દેવાયા હતા અને શહેર પ્રમુખ તેમજ અન્ય નેતાઓ પ્રદેશ સ્તરેથી ફોનની રાહ જોઈને સ્થાયી સમિતિના હોલમાં બેઠા હતા.

પ્રદેશ ભાજપને શહેર સંગઠન પર ભરોસો જ નહીં હોય તેમ પહેલા એવો સંદેશો મોકલ્યો હતો કે સંકલનની મીટિંગમાં પ્રદેશ મહામંત્રી અને સુરતના પ્રભારી ડો. પ્રશાંત કોરાટ મોબાઈલ પર કોલ કરશે અને બધાની વચ્ચે મોબાઈલ સ્પીકર પર રાખી મેન્ડેટ જાહેર કરવામાં આવશે. જેને પગલે સુરત શહેર પ્રમુખ સહિત સંગઠન શોભાના ગાંઠિયા જેવું થઈ ગયું હતું. આખરે ભારે સસ્પેન્શન વચ્ચે બપોરે 1.30 કલાકે મોબાઈલ પર કોલ આવ્યો હતો. જેમાં જેમાં મેયર પદે મુળ સૌરાષ્ટ્રવાસી માયાબેન માવાણી, ડેપ્યુટી મેયર પદે મરાઠી કોર્પોરેટરે સુધાકર ચૌધરી અને શાસક પક્ષનાં નેતા તરીકે અલ્પાબેન મહેતા અને દંડક તરીકે મુળ ઉત્તર ભારતીય ઉર્મિલા ત્રિપાઠી, જ્યારે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પદે રાજન પટેલના નામની જાહેરાત કરવામાં આવતા સસ્પેન્સનો અંત આવ્યો હતો. મ્યુનિ.કમિ.એ સભામાં અન્ય કોઈ ફોર્મ આવ્યા નહીં હોવાથી માયા માવાણીની બિનહરીફ જાહેર કર્યા હતા. માયા બહેને મેયરપદ સંભાળીને ડાયસ પરથી ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના સભ્યોના નામોની જાહેરાતસ કરી હતી. આ નામો સામે વિપક્ષે કોઈ જ સુધારો નહીં મુકતા આખરે તમામની બિનહરીફ વરણી થઈ હતી.

અમદાવાદમાં બારોટને...

સ્ટેન્ડિંગ ચેરમેન રહી ચૂકેલા હિતેશ બારોટને આ વખતે મેયર બનાવી દેતાં ભાજપમાં ઘમાસાણ સર્જાયું અને સીઆર પાટીલે હઠ પકડી કે જો અમદાવાદમાં રિપિટેશન થઈ શકતું હોય તો સુરતમાં કેમ નહીં? સુરતમાં રાજન પટેલને ફરી સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન બનાવવામાં આવે. સીઆર પાટીલનો આગ્રહ એવો હતો કે પાલમિન્ટરી બોર્ડ દ્વારા નો-રિપિટેશનનો કોઈ જ નિર્ણય લેવાયો નથી. અમદાવાદ માટે પ્રદેશ ભાજપે એવો ખુલાસો કર્યો કે હિતેશ બારોટને સતત રિપીટ કરાયા નથી પરંતુ તેની સામે સીઆર પાટીલે એવી રજૂઆત કરી હતી કે રિપિટેશનમાં આખી ટર્મ જોવાની હોય, નહીં કે અઢી-અઢી વર્ષ. આખરે આખો મામલો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી પહોંચ્યો હતો અને નરેન્દ્ર મોદીએ બાદમાં રાજન પટેલના નામ પર મહોર મારતાં નામો ફાયનલ થયા હતા. જોકે, ત્યાં સુધી આ મથામણમાં આજે સવારે ભાજપના મેન્ડેટ જાહેર કરવામાં અઢી કલાકનો વિલંબ થયો હતો અને આખરે ભાજપ હાઈકમાન્ડે રાજન પટેલને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે રિપીટ કરવા પડ્યા હતા. આખા ગુજરાતમાં એકમાત્ર રાજન પટેલ જ એવા હતા કે જે એક જ પોસ્ટ પર રિપીટ થયા હતા. રાજન પટેલની સાથે મેયર સહિત ડેપ્યુટી મેયર અને દંડકપદે પણ સી.આર.પાટીલ જુથના સભ્યોની વરણી કરવામાં આવી હતી.

મેયર માટે...

રાજન પટેલનું પત્તું કપાતું હોવાથી સી.આર.પાટીલ ટસના મસ થયા નહોતા. આખરે અલ્પા મહેતાને શાસકપક્ષ નેતાપદ આપીને મોવડી મંડળે પૂર્ણેશ મોદીને મનાવી લીધા હતા.

મેયરપદે ચર્ચાતા...

નામો કોરાણે મુકાયા હતા અને છેક છેલ્લા દિવસે ચર્ચામાં આવેલા માયાબેન માવાણી બાજી મારી ગયા હતા. મેયરનું નામ જાહેર થતા જ તમામ પદોના સમીકરણો સ્પષ્ટ થઇ ગયા હોય 'કહી ખુશી કહી ગમ'નો માહોલ જોવા મળ્યો હતો. મેયરપદના અમુક દાવેદારોના મોઢા અમુક ક્ષણો માટે પડી ગયા હતા. જો કે કડવો ઘુંટડો ગળી જઇ આ દાવેદારોએ તુરંત શુભેચ્છાઓના વહેણમાં ઝંપલાવી દીધું હતું.

કાવ્યા પટેલનું...

કે તે ભાજપના જુના કાર્યકર છે. સચીન-કનકપુર નગરપાલિકામાં ભાજપના કાઉન્સિલર અને ઉપપ્રમુખ રહી ચૂક્યા હતા. સૌરાષ્ટ્રવાસી પાટીદાર મહિલાને મેયર બનાવવામાં કાવ્યા કથિરીયા તમામ પાસાઓમાં ફિટ બેસતા હતા. જો કે મોવડી મંડળે તેમની જગ્યાએ ગત વખતે પણ જ્યાં ભાજપ જીત્યું હતું તે વરાછા વિસ્તારના કરંજ વોર્ડમાંથી જીતેલા માયાબેન માવાણીને મેયર બનાવી સૌને ચોંકાવી દેવા ઉપરાંત કડક મેસજ પણ આપ્યો છે. કરંજના ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી સી.આર.પાટીલની નજીક મનાય છે એટલે મેયરપદ પણ સી.આર.જુથમાં ગયું હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

પાટીદાર મહિલાને...

કરવા પ્રયાસ કરાયો છે. આ સાથે પ્રદેશવાદનાં સમીકરણો સાચવી લેવા માટે દંડક તરીકે ઉત્તર ભારતીય સમાજનાં ઊર્મિલા ત્રિપાઠી અને ડેપ્યુટી મેયર પદે મહારાષ્ટ્રીયન સુધાકર ચૌધરીની વરણી કરવામાં આવી છે. પદોની વહેંચણીમાં આ વખતે કતારગામ, સેન્ટ્રલ, સરથાણા, સચિન અને અઠવા ઝોનની બાદબાકી થઇ છે. જ્યારે રાંદેર ઝોનમાંથી બે-બે પદાધિકારીઓ સ્થાયી સમિતિ ચેરમેન અને શાસક પક્ષ નેતા, તો લિંબાયત ઝોનમાથી ડેપ્યુટી મેયર અને ઉધના ઝોનમાંથી દંડક બનાવાયા છે.

એક વર્ષમાં...

જ્યારે સુરતથી શારજાહની એકમાત્ર ફ્લાઇટને બીજા ક્રમે 68,969 પેસેન્જર મળ્યાં હતા. એર ઈન્ડિયા એક્સપ્રેસ સુરતથી બેંગકોકની શરૂ કરેલી ફ્લાઈટને ટૂંકા સમયમાં રેકોર્ડ બ્રેક 37,385 પેસેન્જર મળ્યાં હતા.એક વર્ષમાં દુબઈ રૂટ પર પેસેન્જરોનો આંકડો જોઈએ તો ડેઈલી 275 પેસેન્જર,અને બેંગકોક રૂટ પર 190 પેસેન્જરની સરેરાશ રહી છે.

એ દર્શાવે છે કે,મોંઘી એર ફેર ટિકિટો છતાં સુરત આંતરરાષ્ટ્રીય ઉડાનો માટે નફાકારક સ્ટેશન છે.નાણાકીય વર્ષ 2025/26માં સુરત એરપોર્ટથી 2,04,824 પેસેન્જરોની અવર જવર રહી હતી.

ભરૂચ અને...

માટે વરદાન સાબિત થશે. આ પ્રોજેક્ટ ગુજરાત સરકારના મહત્ત્વાકાંક્ષી કલ્પસર પ્રોજેક્ટ સાથે પણ સંકલિત કરવામાં આવી રહ્યો છે, જેનો ઉદ્દેશ અખાતમાં વિશાળ મીઠા પાણીનો જળાશય બનાવવાનો છે. સરકારનો લક્ષ્યાંક છે કે આ પ્રોજેક્ટ 'પરિવર્તનશીલ રાષ્ટ્રીય સંપત્તિ' બને, જે પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસને નવી ઊર્જા આપે. આ પ્રોજેક્ટ હાલમાં પ્રારંભિક આયોજન તબક્કામાં છે. સરકાર વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવા માટે પ્રતિષ્ઠિત કન્સલ્ટિંગ ફર્મની શોધ કરી રહી છે. આ રિપોર્ટમાં રસ્તાનું અંતિમ સંરેખણ, દરિયાઇ પુલની ડિઝાઇન અને પર્યાવરણીય અને સામાજિક અસર અભ્યાસ (સ્થાનિક સમુદાયો અને ઇકો સિસ્ટમને ઓછામાં ઓછું નુકસાન થાય તે સુનિશ્ચિત કરવા) જેવી બાબતો સામેલ હશે. કન્સલ્ટન્ટ્સીનો તબક્કો લગભગ 12 મહિના ચાલશે. યોજનાઓને અંતિમ સ્વરૂપ મળીને મંજૂરી મળ્યા બાદ પ્રોજેક્ટ વાસ્તવિક બાંધકામ માટે બિડિંગ પ્રક્રિયા તરફ આગળ વધશે. આ એક્સપ્રેસ-વે ગુજરાત માટે ગેમ-ચેન્જર સાબિત થશે, જે આધુનિક, એક્સેસ-નિયંત્રિત માર્ગ પૂરો પાડશે અને ખાડી પારની મુસાફરીને પહેલા કરતાં વધુ ઝડપી, સુરક્ષિત અને કાર્યક્ષમ બનાવશે.

સુરતમાં 16...

સાંજે ખાસ કરીને શહેરના વિવિધ વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાતા લોકો ઘર બહાર નીકળ્યા હતા. ઉનાળાની ગરમીથી પરેશાન નાગરિકોને આ બદલાયેલા વાતાવરણે થોડી રાહત આપી હતી.

સુરત-મંગલુરુ સ્પેશિયલ ટ્રેન હવે દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે દોડશે

3 જૂનથી નવી સમયસારણી અને નવા નંબર સાથે ટ્રેનનો પ્રારંભ, મુસાફરોની સુવિધામાં થશે વધારો

સુરત : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સુરત અને મંગલુરુ વચ્ચે અત્યાર સુધી ચાલી રહેલી સ્પેશિયલ ટ્રેન સેવાને હવે કાયમી (નિયમિત) કરવામાં આવી છે. આ ટ્રેન હવે 'સ્પેશિયલ' ટેગ હટાવીને 'દ્વિ-સાપ્તાહિક (Bi-Weekly) એક્સપ્રેસ' તરીકે દોડશે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ ટ્રેનનો નવો નંબર ૧૯૦૫૭/૫૮ રહેશે.

આ નવી નિયમિત સેવા અંતર્ગત, ટ્રેન નંબર ૧૯૦૫૭ સુરત-મંગલુરુ એક્સપ્રેસ દર બુધવાર અને રવિવારે સુરતથી સાંજે ૧૯:૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૯:૪૫ કલાકે મંગલુરુ પહોંચશે. આ સુવિધાનો પ્રારંભ આગામી ૩ જૂન, ૨૦૨૬થી થશે. વળતી દિશામાં, ટ્રેન નંબર ૧૯૦૫૮ મંગલુરુ-સુરત એક્સપ્રેસ દર ગુરુવાર અને સોમવારે મંગલુરુથી રાત્રે ૨૨:૩૦ કલાકે રવાના થશે અને બીજા દિવસે રાત્રે ૨૩:૪૫ કલાકે સુરત પહોંચશે, જેની સેવા ૪ જૂન, ૨૦૨૬થી શરૂ થશે.આ એક્સપ્રેસ ટ્રેન ઉધના, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, ખેડ, ચિપલૂન, સાવરડા, સંગમેશ્વર રોડ, રત્નાગિરી, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, કણકવલી, કુડાલ, સાવંતવાડી રોડ, થિવિમ, કરમલી, મડગાંવ, કાણકોણ, કારવાર, અંકોલા, ગોકર્ણ રોડ, કુમટા, મુડેશ્વર, ભટકલ, મુકામ્બિકા રોડ બૈન્દૂર, કુંદાપુરા, ઉડુપી, મુલ્કી અને સુરતકલ જેવા મહત્ત્વના સ્ટેશનો પર ઊભી રહેશે. મુસાફરોની સુવિધા માટે આ ટ્રેનમાં સેકન્ડ ટિયર એસી, થર્ડ ટિયર એસી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચની વ્યવસ્થા કરવામાં આવી છે.

મોટા વરાછામાં દોડતી ઈ-બાઈકમાં ભભૂકી આગ

સુરતઃ મોટા વરાછા ખાતે રહેતો 20 વર્ષીય તીર્થ સાવજ પોતાની બહેનને ગાંધીનગર ખાતે કોલેજની પરીક્ષા આપવાની હોવાથી તેને ઈ-બાઈક પર બેસાડી બસ સ્ટેન્ડ મૂકવા જઈ રહ્યો હતો. તે દરમિયાન તેની ઈ-બાઈકમાંથી ધુમાડા નીકળ્યા બાદ આગ ફાટી નીકળી હતી.

સ્વ. ગિરિશભાઇ રામજીભાઇ કંથારિયા
સ્વ. તા. 29/05/2025

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી, મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાત છે. પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવીત રહેવું એ જીંદગીમાં કરેલા કર્મની વાત છે. પરિવાર માટે ફૂલો પાથરી ગયા એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ. ચેતના ગિરિશભાઈ કંથારિયા (પત્ની)
હર્ષ ગિરિશભાઈ કંથારિયા (પુત્ર)
નિષ્ઠા ગિરિશભાઈ કંથારિયા (પુત્રી)
મર્હૂ